## વડીલોને વંદન અભિનંદન



કૌશિકભાઈ જયદેવભાઈ ભટ્ટ
(૧૯૪૭)મો : ૯૬૮૭૧૭૩૪૭૪

# પ્રમુખ સ્વામી મહારાજનો જન્મદિન સાળંગપુરમાં ઉજવાયો

સારંગપુર, તા. ૨૯

આજરોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા અને વિશ્વવંદનીય સંત પરમ-પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજનો ૯૪મો જન્મજયંતી દિન, તીર્થધામ સારંગપુર ખાતે, હજારો ભક્તો-સંતોની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો.



માગશર સુદ આઠમ, સન ૧૯૨૧માં વડોદરા જિલ્લાના ચાણસદ ગામે જન્મેલા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમગ્ર જીવન લોકસેવા માટે સમર્પિત કર્યુ છે. ૧૭૦૦૦ થી વધુ ગામો-નગરોમાં ઘૂમીને તેઓએ લાખો લોકોનાં હૃદયમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો સિંચ્યા છે. સમાજના તમામ સ્તરે પહોંચીને માનવસેવાનો મહાન યજ્ઞ કરનાર પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતનું ગૌરવ ઉજાગર કર્યુ છે. એક પરમ કક્ષાના મહાન સંત તરીકે વિશ્વભરના વિવિધ ધર્મો અને દેશોના માંધાતાઓએ તેમને બિરદાવ્યા છે. આજે તેઓના ૯૪માં જન્મદિને તેઓના અનેક ઋણની સ્મૃતિ સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે સારંગપુર ખાતે અમેરિકા, ઈંગ્લેન્ડ, યુરોપના દેશો, પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના દેશો, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ એશિયાના દેશો, આરબ દેશો અને ભારતના ખૂણે ખૂણેથી હજારો ભક્તો ઉમટ્યા હતા.

આજના સાદગીભર્યા છતાં ભક્તિપૂર્ણ સત્સંગ સમારોહમાં પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, પૂજ્ય વિવેકસાગર સ્વામી વગેરે સહિત અનેક સંતોએ પ્રમુખસ્વામી મહારાજ સાથેના હૃદયસ્પર્શી સ્વાનુભવો વર્ણવ્યા હતા. બાળ-યુવા નૃત્યો, પ્રાસંગિક વિડિયો તેમજ અન્ય આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા સૌએ પ્રમુખસ્વામીજીના જીવનનાં વિવિધ પાસાઓને અલગ દૃષ્ટિકોણથી માણ્યાં હતા.

કાર્યક્રમની ચરમસીમારૂપે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મંચ પર પધાર્યા ત્યારે હજારો ભક્તો ભાવવિભોર થઈ ઉઠ્યા હતા. સૌ વતી વરિષ્ઠ સંતોએ તેઓને પુષ્પહારથી વધાવ્યા ત્યારે હજારો ભક્તો હર્ષાશ્રુથી છલકાઈ ઉઠ્યા હતા. ઉમટેલા હજારો હરિભક્તો પર કૃપાદૃષ્ટિ કરીને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સૌને અંતરના આશિષ પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંતમાં મહાઆરતી સાથે હજારો દિવડા પ્રગટાવીને પુષ્પાંજલિ સાથે સૌએ પ્રમુખસ્વામી મહારાજના ચરણમાં ભાવવંદના કરી હતી અને ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરી હતી કે, શત શત વર્ષો સુધી તેઓના પવિત્ર સાનિધ્યનો સૌને લાભ પ્રાપ્ત થાય.

આ પ્રસંગે એંશી લાખ કરતા વધી અનુસરનારાઓને ટ્વીટ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, 'હું મારી જાતને ધન્ય માનું છે કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે ખૂબ નિકટથી વાર્તાલાપ કરવાનો મને વર્ષો સુધી લાભ મળ્યો છે. તેઓએ મને ખૂબ ઊંડાણથી પ્રેરિત કર્યા છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને તેઓના ૯૪માં જન્મદિને મારા પ્રણામ પાઠવું છે. તેઓએ પોતાનું સમગ્ર જીવન શાંતિ, સંવાદિતા અને સમાજની સેવા માટે સમર્પિત કર્યું છે.



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી

## ડેમોક્રેટિક એસોસિએશનનું સ્નેહમિલન યોજાયુ

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ ૬૦ વર્ષ પૂર્ણ કરેલ સભ્યોને સન્માનિત કરવાનો કાર્યક્રમ સિદ્ધાર્થ લૉ કોલેજમાં ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને ચંદુભાઈ મહેરિયાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. ૭૦ વર્ષ પૂર્ણ કરેલ સંસ્થાના વરિષ્ઠ સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહમાં ઉપસ્થિત જ્ઞાતિજનોને એકત્રિત થઈ પોતાના પ્રશ્નોને વાચા આપવા જીવનમાં લખવા વાચવાની ટેવ પાડવા સંબોધન કરવામાં આવ્યું હતું.

## આહિર-સોનાર જ્ઞાતિ જોગ

રાજ્યમાં વસતા આહિર સોનાર જ્ઞાતિજનોને ઓબીસીમાં સમાવેશ કરવામાં આવનાર છે. તે માટે ઓબીસી પંચ ગાંધીનગરને તમામ આહિર સોનાર જ્ઞાતિજનોના ભાઈઓ-બહેનોને તમામ વ્યક્તિઓના સ્કૂલ લિવિંગ સર્ટિફીકેટની ત્રણ નકલ તા. ૨૦ ડિસેમ્બર પહેલા એન.ડી. ભામરે૯૮૨૪૭૦૦૩૪૬, અરવિંદ રનાળકર૯૮૨૪૦૯૬૭૦૨ ને મોકલી આપવા જણાવ્યું છે.

# ટુરીઝમની કચેરી નીચે સ્થિત ટોયલેટ બ્લોક જોખમી હાલતમાં

## ઈલેકટ્રીક સર્વિસના મીટરોના ઠેકાણે પાણી ટપકે છે

ગાંધીનગર, તા.૨૯

સે-૧૬માં ટુરીઝમની કચેરી નીચે સ્થિત ટોયલેટ બ્લોકમાં ગંદકી અને ભેજના લીધે અસહ્ય દુર્ગંધ પ્રવર્તી છે. કચરાનો નિકાલ પણ આ ઠેકાણે કરવામાં આવતો હોવાથી સ્થાનિક દુકાનદારો તોબા પોકારી ગયા છે. ટુરીઝમની કચેરી નીચે સ્થિત ટોયલેટ બ્લોકમાં કચેરીઓના ઈલેકટ્રીક સર્વિસના મીટરો લગાવાયા છે. જયારે ઉપરની બાજુએ કોઈ શેડ પણ બનાવાયો નથી બીજી તરફ આ ઠેકાણે પાણી ટપકવાની સાથે કચરાનો નિકાલ કરવામાં આવતો હોવાથી અસહ્ય દુર્ગંધ વચ્ચે ગંદકી ખદબદી રહી છે જયારે ઈલેકટ્રીક મીટરોના લીધે શોટ સર્કીટ થવાનું જોખમ પણ ઉભું થયું છે. આ સ્થિતિના લીધે સ્થાનિક દુકાનદારો પણ તોબા પોકારી ગયા છે. દુકાનદારોએ આ ઠેકાણે શેડ બનાવી જરુરી રીપેરીંગ કામ કરવા પ્રબળ માંગ કરી છે.



# પ્રાથમિક શિક્ષણ અધિકારી રાઠોડને નીપાના એવોર્ડથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નટવરસિંહ રાઠોડને નીપાના એવોર્ડથી આજે સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની સાથે ગુજરાતના સુરતના એક અધિકારી શ્રી માખીજા તથા ખંભાતના બી.આર.સી. શ્રી ચાવડાને પણ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

શ્રી રાઠોડે ૨૦૧૪ માં માય સ્કૂલ ઈ. સ્કૂલ પ્રોજેક્ટ કચ્છમાં લોકભાગીદારીથી અમલમાં મુક્યો હતો.

નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન પ્લાનીંગ ઈન્સ્ટીટ્યુટ દ્વારા દર વર્ષે આવો એવોર્ડ ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ અંતર્ગત અપાય છે. ૨૩ થી વધુ રાજ્યોના પ્રતિનિધિઓએ જુદા જુદા પ્રોજેક્ટસ્‌ના આજે છેલ્લા બે દિવસ દરમ્યાન પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા.

આજે કેન્દ્રીય રાજ્યમંત્રી સ્મૃતિ ઈરાની અને એચ.આર.ડી. સચિવ શ્રી ભટ્ટાચાર્યના હસ્તે શ્રી રાઠોડને આ એવોર્ડથી એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં સન્માનિત કરાયા હતા.

તેમણે આજે તેમના પ્રોજેક્ટ્સનું અમલીકરણ અને તેના લાભાલાભની વિગતો રજુ કરી હતી. જે નીપાના જજીસને સ્પર્શી ગઈ હતી. જેમાં બાળકોની હાજરી ઓનલાઈન કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે.



શહેરમાં રોગચાળાએ ભરડો લીધો છે ત્યારે બીજીબાજુ શહેરનું આરોગ્ય તંત્ર રોગચાળાને ડામવામાં નિષ્ફળ રહ્યું છે. જે અંગે કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી વિરોધ દર્શાવાયો હતો.

# ગુજરાતમાં ૧.૦૨ કરોડ બેંક ખાતાઓ ખુલ્યા : મુખ્યપ્રધાન

## ૧૦૦ ટકા લક્ષ્યાંક આગામી ચોથી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવા આનંદીબેનનું જાહેર ક્ષેત્રની બેંકોને ખુલ્લુ આહવાન

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જાહેર ક્ષેત્રની રાષ્ટ્રીયકૃત બેંકોને તેમની સેવાઓમાં સરળીકરણ અને અંત્યોદય ઉત્થાન-છેવાડાના માનવીના આર્થિક કલ્યાણનો ભાવ જગાવવા અપીલ કરી છે. આનંદીબેને ગાંધીનગરમાં આજે ૧૪૩ઉમી સ્ટેટ લેવલ બેંકર્સ કમિટિ એસએલબીસીમાં ઉપસ્થિત વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોના વરિષ્ઠ અધિકારીઓ-પ્રબંધકોને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર ગરીબો-વંચિતોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા તેમજ આર્થિક ઉત્કર્ષ માટે અનેક કલ્યાણકારી યોજનાઓનું આયોજન કરે પરંતુ રાષ્ટ્રીયકૃત બેંકોના સક્રિય સહયોગ વિના તેના નિર્ધારિત લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકે નહીં. આ સંદર્ભમાં તેમણે દત્તોપંત ઠેંગડી કારીગર સહાય યોજના, અસંગઠિત ક્ષેત્રના બાંધકામ કામદારો માટેની યોજના તથા યુવા સ્વરોજગારની પંડિત દિનદયાળ ઉપાધ્યાય યુવા સાહસિકતા યોજનાના લાભાર્થીઓને લોન સહાય મેળવવામાં બેંકો સાથેની સમસ્યાઓનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી જન ધન યોજના તહેત દેશભરના ગરીબો-વંચિતોના બેંક ખાતા ખોલી તેમને સરકારી સેવા સહાયના લાભો સીધા ખાતામાં જ પહોંચાડવાની બહુલક્ષી યોજનામાં આગામી ૪ ડિસેમ્બર સુધીમાં ૧૦૦ ટકા સિદ્ધિ મેળવી લેવા ખાસ તાકિદ કરી હતી. બેંકો આ જનસેવા કાર્યને મિશન મોડ અભિયાનના રુપમાં ઉપાડી લે તેવું આહવાન પણ તેમણે કર્યુ હતું.

તેમણે એવું સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧.૦૨ કરોડ બેંક ખાતાઓ ખુલ્યા છે અને ૭૦ ટકા સિદ્ધિ મેળવાઈ છે. હજુ ૩૦ ટકાનો નિર્ધારિત લક્ષ્યાંક પાર પડે અને ગુજરાત આ ક્ષેત્રે અગ્રેસર બને તે માટે પ્રધાનમંત્રી સ્વયં આગ્રહી છે ત્યારે આપણું પણ એ દાયિત્વ બને છે કે, લક્ષ્યાંક નિશ્ચિત સમયાવધિમાં પૂર્ણ કરીએ. આનંદીબેને બેંકોના લોન-સહાયના ફોર્મ્સને સામાન્ય માનવી પણ સમજી શકે તેવી સરળ ભાષા અને પ્રક્રિયામાં તૈયાર કરવા પણ હિમાયત કરી હતી.

મુખ્યમંત્રીએ બેંકોને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી નિભાવતા પોતાના સેવાક્ષેત્રની આસપાસના ગામોમાં ૧૦૦ ટકા શૌચાલય નિર્માણ અને બેંકિંગ સેવાઓનો લાભ લેવા આવનારી ગ્રામીણ મહિલા નાગરિકોને પણ ઘર શૌચાલય માટે પ્રેરિત કરવા જાગૃત્તિ અભિયાનની હાકલ કરી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ ડીજે પાંડિયને બેંકિંગ ક્ષેત્રને રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે સંકલનમાં રહી યોજનાકીય લાભો લાભાર્થી સુધી પહોંચાડવાનું દાયિત્વ અદા કરવાના સૂચનો કર્યા હતા. કેન્દ્રીય નાણા મંત્રાલયના વરિષ્ઠ સચિવ અઢિયાએ જનધન યોજનાની વિસ્તૃત છણાવટ કરી હતી.

## શબ્દાવલી - ૫૫૭૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| | ■ | | ■ | ■ | ■ | | ■ |
| | ■ | ૯ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | | ■ |
| | ■ | ૧૬ | ■ | ■ | | ■ | ૧૭ |
| ■ | ૧૮ | | | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. ખણખોદ, ચડવણી જેવો ભાવ (૪)
૪. કુટુંબ પરિવાર (૩)
૭. યાત્રા, મુસાફરી (૩)
૮. યાદશક્તિ વધારનાર એક ઔષધી (૪)
૯. શિકાર કરનાર, પારધી(૩)
૧૨. હિસ્ટીરીયા, એક રોગ (૨)
૧૩. કમી, કસર (૨)
૧૪. થીજવી દેવું (૪)
૧૮. જરા નામની રાક્ષસીએ સાંધીને બનાવેલ રાક્ષસ (૪)
૨૦. દારૂનો પ્યાલો (૨)
૨૧. એક ગીધ પક્ષી શ્રીરામની મદદ કરનાર (૩)
૨૨. પલીતો (૪)

### ઊભી ચાવી

૧. મેલી વિદ્યા (૬)
૨. અભિમાન, ગૌરવ (૨)
૩. ફુલાઇ જાય તેવું (૪)
૪. 'તાક' શબ્દ ઊંધો (૨)
૫. ડરાવવું (૫)
૬. હાલરડું (૨)
૧૦. સીંધરી (૨)
૧૧. ખીજનું વિરોધી (૨)
૧૫. વધારે, ખુબ (૨)
૧૬. પારકુ (૩)
૧૭. તીખી બુંદી (૩)
૧૮. લાંબા વાળ, (સાધુ સંતના) (૨)
૧૯. ધ્વજ, વાવટો (૨)
૨૦. ઉઠ, ઊંઘમાંથી... (૨)

### શબ્દાવલી ૫૫૭૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંકરીક્ષ (૪) રપઅ (૬) જમા (૭) ઉપાર્જન (૯) યાચવું (૧૦) પત (૧૧) અવળ ચંડુ (૧૪) વિસર્જન (૧૬) ચુલ (૧૭) નિશ્વાર્થ (૧૮) બાપા (૧૯) સલુકાઇ (૨૦) તજા

**ઊભી ચાવી :-** (૧) અંતરીયાળ (૨) રીંજવવું (૩) ક્ષમા (૫) અર્ચન (૭) ઉપવન (૮) પાતળ (૧૧) અર્જ (૧૨) ચંચુપાત (૧૩) ડુલ (૧૪) વિશ્વાસ (૧૫) સસલુ

# વિરપુરની દિકરીને અભ્યાસ માટે દત્તક લેતા મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન અંકોલીયા

ગાંધીનગર, તા.૨૯

રાજયની શાળાઓમાં ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી ગુણોત્સવનું આયોજન કરાય છે. તા.૨૦, ૨૧ અને ૨૨ નવેમ્બરે યોજાયેલા ગુણોત્સવ અભિયાન દરમિયાન રાજય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન અંકોલીયાએ કન્યા શિક્ષણને પ્રોત્સાહિત કરતું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે.

ત્રિદિવસીય ગુણોત્સવ અભિયાન દરમિયાન રાજય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન અંકોલીયાને ખેડા જિલ્લાના વિરપુરની જવાબદારી સોંપાઈ હતી. વિરપુરની કન્યા શાળાની મુલાકાતે ગયેલા લીલાબહેનની નજર ધોરણ-૮મા અભ્યાસ કરતી કુમારી સિતારા પઠાણ ઉપર પડી. તે દિવસે જોગાનુજોગ સિતારાનો જન્મ દિવસ પણ હતો. લીલાબહેને વધુ પુછપરછ કરતાં જાણવા મળ્યું કે, કુમારી સિતારાની માતા વિધવા છે. લીલાબહેને સિતારાના જન્મ દિવસ નિમિત્તે તે દિકરી જયાં સુધી ભણે અને જે ભણવા ઈચ્છે તે તમામ ખર્ચ પોતાની અંગત આવકમાંથી આપવાનું નક્કી કરી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના જન્મદિવસે ગુણોત્સવને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે.

# માજી સૈનિકોના આશ્રિતો માટે રક્ષા પેન્શન અદાલત યોજાશે

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વસતા માજી સૈનિકો / દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ તેમજ તેમના આશ્રિતો કે જેઓ રક્ષા પેન્શન મેળવતા હોય તેઓને પેન્શનમાં ખામી હોય તેવા માટે રક્ષા લેખા પ્રધાન નિયંત્રક (પેન્શન) અલ્હાબાદ દ્વારા અમદાવાદ મુકામે પન્શન અદાલતનું આયોજન ડિસેમ્બર-૨૦૧૪ના ત્રીજા અઠવાડીયામાં યોજવવાનું નક્કી કરેલ છે તેથી લાગતા વળગતાઓએ અરજી ફોર્મ મેળવવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરી, અમદાવાદને સંપર્ક રૂબરૂ તથા ટલીફોન નંબર-૦૭૯-૨૬૮૫૧૩૮૨ પર કરવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

## રો-સ્ટાર ગ્રાન્ડ ફિનાલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણ માસથી ભારે જહેમત ઉઠાવી છે. શિકાગોમાં વસતા અખિલ આંજણા ફેડરેશનના શ્રી અંકુર ચૌધરીએ અમેરીકા સ્થિત ચૌધરી સમાજે મોટી સંખ્યામાં મિસકોલ કરી દર્શનને અવ્વલ રાખવામાં મદદ કરી છે.

આજે રવિવારે સાંજે ૭.૦૦ થી ૮.૦૦ કલાક સુધીમાં ૧૮૦૦ ૮૩૩ ૯૦૦૩ નંબર પર મિસકોલ કરવા અને ઈન્ડિયાનો પહેલો રો-સ્ટાર દર્શન રાવલ બને તે માટે આખાયે ગુજરાતમાં લોકો મિસકોલ કરવા ઉત્સુક બન્યા છે. દર્શન રાવલ ૧૯ વર્ષનો યુવાન છે. જાતે ગીત લખે છે, જાતે જ કંપોઝ કરે છે અને જાતે જ ગાય છે. આમ તેની મલ્ટી પર્સનાલીટીથી લોકો તેના પર આફરીન છે. ગુજરાતી તરીકે દર્શનને મિસકોલ વિજયી બનાવવો તે એક ગુજરાતી તરીકે આપણી ફરજ છે. તેથી દરેક દર્શન માટે વધુમાં વધુ મિસકોલ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વનસ્પતિના તેલોનું ઉત્પાદન કરતી ૧૦૦૦ મિલને નોટિસ

અમદાવાદ, તા.૨૯

વનસ્પતિ તેલ બનાવતી તમામ મિલોને વહેલી તકે સ્ટોકની વિગતો કેન્દ્ર સરકારને પુરી પાડવા માટે કેન્દ્રએ નોટિસ ઈશ્યુ કરી છે.

નોટિસમાં સૂચના પ્રમાણે સ્ટોકની વિગતો ન આપનારા ઉત્પાદકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ જણાવાયું છે. ગુજરાતમાં પામ ઓઈલ, સનફલાવર તેલ, સોયાબિન તેલ, ઓલિવ ઓઈલ, રાઈસ બ્રાન્ડ જેવા વનસ્પતિ તેલ ઉત્પાદન કરતી ૧૦૦૦થી પણ વધુ મિલોને આ સરક્યુલરનો કારણએ અસર પહોંચાવાની શક્યતા છે. મિનિસ્ટ્રી ઓફ કન્ઝ્યુમર અફેર્સ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશને જૂન ૨૦૧૪થી વનસ્પતિ તેલ બનાવતા તમામ ઉત્પાદકો માટે દર મહિનાની સાતમી તારીખે સ્ટોકનું રિટર્ન ચીફ ડિરેક્ટરને ઓનલાઈન ફાઈલ કરવું ફરજિયાત બનાવી દીધું છે. મિનિસ્ટ્રીએ ઉત્પાદકોને પ્રોડક્શન, સપ્લાય, ડિસ્ટ્રીબ્યુશન, વનસ્પતિ તેલની આયાત નિકાસની વિગતો અને કાચા માલની ખરીદી, માલ લાવવા લઈ જવા માટેના વાહનો અને વાસણોની વિગતો આપવા જણાવ્યું છે. ચીફ ડિરેક્ટર સ્થળ તપાસ કરીને આ વિગતો ખરી છે કે નહીં તે ચકાસણી કરી શકે છે.

જો ઉત્પાદકે રિટર્નમાં દર્શાવેલા વેચાણના હિસાબો અને સ્થળ તપાસ દરમિયાન ચીફ ડિરેક્ટરને હાથ લાગેલી વિગતોમાં ફરક હોય તો ઉત્પાદકને સજા થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે મિનિસ્ટ્રીએ જૂનથી માલના ઉત્પાદન, ડિસ્પેચ અને માલના જથ્થાની વિગતો માસિક ધોરણે રિટર્નમાં દર્શાવી ઓનલાઈન સબમિટ કરવું ફરજિયાત બનાવી દીધું છે.

**ITIમાં સ્વરોજગારી તક માટે બેંકેબલ લોન વ્યાજ સહાયના અરજી ફોર્મ અંગે**

ગુજરાત સરકારના નિયામક રોજગાર અને તાલીમ કચેરી, ગાંધીનગર સંચાલિત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાન તાલીમ મેળવી કોઈપણ ટ્રેડમાં પાસ થયેલ તાલીમાર્થીઓને સ્વરોજગારી, ઉદ્યોગ સાહસિકતાની તક માટે બેંકેબલ લોન વ્યાજ સહાય અંગેના અરજી ફોર્મની વિગતવાર માહિતી માર્ગદર્શન આપવા તેમજ અરજી ફોર્મ મેળવવા તથા ભરાવવા માટે ઉપરોક્ત સંસ્થામાં કામગીરી શરૂ થઈ છે. ITI પાસ ઉમેદવારો આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક હોય તો સંસ્થાના કાર્યાલયમાં સવારે ૧૧ થી બપોરના ૪ કલાક સુધી રૂબરૂ આપવાનું રહેશે. ઉમેદવારોએ અરજી ફોર્મ સાથે બે નકલમાં પાસપોર્ટ સાઈઝ ફોટા, ચુંટણીનું ઓળખકાર્ડ, રેશનીંગ કાર્ડ, જાતિનું પ્રમાણપત્ર તથા વ્યવસાયને અનુરૂપ ધંધો કરવા માગતા હોય તેને લગતા સાધન ઓજાર ખરીદવાના છે તેના વેટ નંબરવાળા ભાવપત્રકો જમા કરાવવાના રહેશે. વધુ વિગત માટે આઈટીઆઈ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

સહી/-
આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
ગાંધીનગર

માહિતી/૧૭૮૮/૧૪-૧૫